જણાવ્યું.ફરી આ દરેક વિદ્યાર્થી સાથે એકાંતમાં વાર્તાલાપ દ્વારા તેમની વાતો અને સમસ્યાઓ સાંભળી જરૂર મુજબ ઉકેલ સૂચવ્યા. તેમનો આત્મવિશ્વાસ વધારવા પ્રયત્ન કર્યો.

❖ **કસોટી દ્વારા ચકાસણી :**

અવલોકન: વર્ગખંડમાં ભગવદ્ ગીતાના અધ્યાયના પારાયણ દરમિયાન શ્લોક બોલે છે તે જોયું. રોજિંદી પ્રાર્થના પૂર્ણ થયા બાદ વર્ગખંડમાં વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાતી પોતાની વાત આ અંતર્મુખ વિદ્યાર્થીઓ સરળતાથી રજૂ કરી શક્યા.

માહિતીનું એકત્રીકરણ: પ્રશ્નાવલીના પ્રશ્ન ક્રમાંક ૪ થી ૧૨ વૈકલ્પિક અને ૧૩ થી ૧૮ ખુલ્લા પ્રશ્નો છે.

**પ્રશ્નાવલીના જવાબો પરથી એકત્રિત થયેલ માહિતી પ્રશ્ન ક્રમાંક (૪ થી ૧૨)**

| પ્રશ્ન | આપેલ જવાબ મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા | | | |
|---|---|---|---|---|
| વધુ સમય એકલા રહેવું ગમે? | હા (૨) | ના (૪) | ક્યારેક(૮) | નહી(૧) |
| નવા લોકો સાથે વાત કરવાનો મુશ્કેલ લાગે? | હા (૬) | ના (૪) | પરિસ્થિતિ મુજબ(૫) | - |
| વધારે ઉર્જા કઈ પરિસ્થિતિમાં મળે? | એકલા રહીને (૮) | મિત્રો સાથે રહીને (૭) | | |
| અભ્યાસ માટે કઈ રીત ગમે છે? | એકલા બેસીને (૮) | જૂથમાં ચર્ચા (૭) | - | - |
| પ્રશ્ન પૂછવામાં સંકોચ અનુભવો છો? | હા | ના | ક્યારેક | - |
| લખાણ દ્વારા વ્યક્ત થવું સરળ લાગે છે કે મૌખિક રીતે | લખાણ (૧૪) | મૌખિક (૦૧) | એક પણ નહી | - |
| નવા મિત્રો બનાવવાનો અભિગમ કેવો છે? | ધીમે ધીમે (૧૩) | તરત જ (૦૧) | બહુ મુશ્કેલથી (૧) | - |
| જાહેરમાં ભાષણ કે પ્રસ્તુતિ આપવી મુશ્કેલ લાગે છે? | હા (૮) | ના (૩) | ક્યારે (૪) | - |

❖ **માહિતીનું પૃથકકરણ :**

૧. **વ્યક્તિગત :** મોટાભાગના અંતર્મુખ વિદ્યાર્થીઓ ક્યારેક જ એકલા રહેવાનું પસંદ કરે છે હંમેશા નહી.આ વિદ્યાર્થીઓને એકાંત દરમિયાન વધુ ઉર્જા મળે છે.

૨. **શૈક્ષણિક વ્યવહાર :** મોટાભાગના વર્ગખંડમાં પ્રશ્ન પૂછવામાં સંકોચ અનુભવે છે. ૫૦% વિદ્યાર્થીઓ એકલા બેસીને જ્યારે ૫૦% જૂથમાં રહીને અભ્યાસ કરવાનો પસંદ કરે છે.

૩. **સામાજિક વ્યવહાર :** લગભગ તમામને નવા મિત્રો બનાવતા લાંબો સમય જાય છે આમ છતાં મોટા ભાગના વિદ્યાર્થીઓ ભીડભાડવાળી જગ્યાએ સામાન્ય રહી શકે છે.

૪. **ભાવનાત્મક પાસાઓ :** મોટાભાગના જાહેરમાં બોલતા ગભરાટ અનુભવે છે.કુટુંબના સભ્યો સાથે ગભરાયા વગર વાતચીત કરે છે.

૫. **અભ્યાસલક્ષી પ્રદર્શન :** આ પ્રકારના વિદ્યાર્થીઓ એકલા બેસીને ભણે છે ત્યારે પરીક્ષામાં ખૂબ સારો દેખાવ કરે છે સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓમાં બહુ આગળ પડીને ભાગ લેતા નથી.

❖ **તારણો :** જરૂરી નથી કે બધા અંતર્મુખ વિદ્યાર્થીઓ શરમાળ જ હોય છે. અંતર્મુખી હોય તે ખૂબ આત્મવિશ્વાસ ધરાવતો હોઈ શકે.અંતર્મુખી વિદ્યાર્થી જલ્દી મિત્રતા કેળવી નથી શકતા. અંતર્મુખી પણ ને તેના અભ્યાસ પર પ્રતિકૂળ અસર થતી નથી. કદાચ ભવિષ્યમાં આવા લોકો સામાજિક ક્ષેત્રે પોતાનો પ્રભાવ બહુ વિસ્તાર શકે નહી.

